# પોળોના કુદરતી સૌંદર્ય વચ્ચે 'પત્રકારત્વના સાંપ્રત પ્રવાહો' વિષય પર પરિસંવાદ

**સિનિયર પત્રકારો દ્વારા 'પત્રકારત્વના સાંપ્રત પ્રવાહો' અંગે રસપ્રદ જ્ઞાન પીરસવામાં આવ્યું**



બાયડ તા.૮

વિજયનગર ખાતે પોળોના જંગલોના પ્રાકૃતિક સાંન્નિધ્યમાં ગુજરાત પ્રેસ અકાદમી, ગુજરાત રાજ્ય અને પ્રાદેશિક માહિતી કચેરી, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે માહિતી વિભાગના ઉત્તર ગુજરાત વિભાગના કર્મચારીઓ માટે 'પત્રકારત્વના સાંપ્રત પ્રવાહો' વિષય અંગે પરિસંવાદ અને તાલીમ કાર્યક્રમ યોજાયો. આ પરિસંવાદ અંતર્ગત ગુજરાત પ્રેસ અકાદમીના સચિવ પુલકભાઈ ત્રિવેદી, ગુજરાત સમાચારના ચીફ રિપોર્ટર મુકુંદભાઈ પંડયા તથા BBCના સિનિયર રિપોર્ટર ભાર્ગવભાઈ પરીખે 'પત્રકારત્વના સાંપ્રત પ્રવાહો' વિષય અંતર્ગત પ્રત્યાયનના વિવિધ મુદ્દાઓ અંગે કર્મચારીઓને તલસ્પર્શી જ્ઞાન પીરસ્યું હતું. પોળોના કુદરતી સૌંદર્ય વચ્ચે આધુનિક સમયમાં પત્રકારત્વના વિવિધ પાસાંઓ સંદર્ભે પ્રત્યાયનની પરિભાષા અને વર્તમાન વૈશ્વિક પ્રવાહ, સમાચાર લેખન માટે માહિતી એકત્ર કરવાની નિપુણતા, માહિતી અધિકારીઓના પત્રકારો સાથેના સંબધોની આવશ્યકતા જેવા વિષયો પર હકારાત્મક ચર્ચા વિચારણા થકી કર્મચારીઓને વિવિધ વિષયો અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા. આ પરિસંવાદ અને ચિંતન શિબિર કાર્યક્રમમાં માહિતી વિભાગના ઉત્તર ગુજરાત રિજિયનના નાયબ માહિતી નિયામક શ્રી હિમાંશુભાઈ ઉપાધ્યાય સહિત વિવિધ જિલ્લાઓના પદાધિકારીઓ, અધિકારીઓ સહિત કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**વારંવાર હવામાન પલ્ટાવથી કપાસનું વાવેતર ઘોંચમાં પડવાની સંભાવના**

# સાબરકાંઠા, અરવલ્લીમાં બીટી કપાસના બિયારણ ઠલવાયા પરંતુ વાવેતરમાં થોભો અને રાહ જુઓની નીતિ

**જૂન મહિનામાં ખેડૂતો કપાસનું વાવેતર કરે તેવી સંભાવના**

બાયડ તા.૮

કમોસમી માવઠા રુપી હવામાન પલ્ટાવથી આ વર્ષે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં બીટી કપાસનું વાવેતર ઘોંચમાં પડે તેવી સંભાવના છે. ખેડૂતોએ પણ બજારોમાં બીટી કપાસ ઠલવાયું છતાં વાવેતરમાં થોભો અને રાહ જુઓની નિતી અખત્યાર કરવાનો નિર્ણય લીધો છે. જૂન મહિનામાં ખેડૂતો કપાસનું વાવેતર કરે તેવી સંભાવના વધુ છે. પ્રાપ્ત જાણકારી અનુસાર જિલ્લામાં દર વર્ષે કપાસનું સારુ વાવેતર થતું હોય છે અને ખેડૂતોને કપાસના સારા ભાવ પણ મળી રહેતા હોય છે. ગત વર્ષે સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં કુલ-૭૭,૧૩૭ હેક્ટર જમીનમાં બીટી કપાસ સહિતના કપાસનું વાવેતર થયું હતું. આ વર્ષે ખેડૂતો મે. મહિનાની ૧૫ તારીખ આસપાસ કપાસનું વાવેતર કરતા હોય છે પરંતુ વારંવારના હવામાન પલ્ટાવથી જિલ્લાના ખેડૂતોએ મોંઘાદાટ બિયારણોના વાવેતર માટે થોભો અને રાહ જુઓની નિતી અખત્યાર કરી છે. કેટલાક વિસ્તારોમાં તો ગત વર્ષનો કપાસ હજુ પણ જોવા મળે છે અને સતત કમોસમી માવઠા અને અગાઉ ઠંડીની મેરેથોન ઈનિંગના કારણે કેટલાક વિસ્તારોમાં તો કપાસનો પાક બારમાસી પાક જેવો બની ગયો છે. આ વર્ષે જિલ્લાના બજારોમાં બીટી કપાસનાં બિયારણો ઠલવાઈ ગયાં છે પરંતુ તંત્રએ હજુ ચકાસણી માટે આળસ મરડી હોય તેવું દેખાતું નથી જેથી ખેડૂતો પ્રતિબંધિત બિયારણથી છેતરાઈ ન જાય તે માટે પણ વિભાગે તકેદારી રાખવી પડશે. જ્યારે કપાસના પાકમાં ગુલાબી ઈયળનું આક્રમણ ખેડૂતો માટે વર્ષોથી માથાના દુખાવારુપ છે. ખેતી, બિયારણ ક્ષેત્રે અનેક સુધારા આવ્યા છતાં પણ રોગચાળામાંથી ખેડૂતોને મુક્તિ મળી નથી. આ વર્ષે જિલ્લાના ૧૪ તાલુકામાં કપાસનું વાવેતર મોંડુ થાય તો આગામી શિયાળુ સીઝનમાં પણ તેની દુરોગામી અસરો જોવા મળી શકે છે.

**બીલ વગરના કપાસ-બિયારણના વેપલા ઉપર તંત્ર ત્રાટકે**

બીટી કપાસનું બિયારણ બજારમાં આવી ગયું છે ત્યારે સરકાર દ્વારા ફોર-જી બીટીને મંજૂરી આપી નથી પરંતુ અનેક વિસ્તારોમાં કેટલાક લે-ભાગુ વેપારીઓ બીલ વગર ખેડૂતોને રુ ૧૫૦૦ થી ૧૮૦૦ના ભાવે બિયારણો ધાબડતા હોવાની આશંકા છે ત્યારે સાબરકાંઠા અને અરવલ્લીનું ખેતી તંત્ર આવા વેપારીઓ ઉપર ત્રાટકી તેમને ખુલ્લા પાડે.

# વાઘોડીયા ગામના પ્રજાજનો દીપડાના આતંકથી લગ્નપ્રસંગ પણ ભૂલી જવા મજબુર : દીપડાએ ગાય વાછરડાનું મારણ કરતા ભય

**ઉનાળાની ગરમીમાં દીપડાના ડરથી લોકો ઘરની અંદર ઉંઘવા મજબુર બનતા બફારા અને ગરમીથી બફાઈ રહેવા મજબુર બન્યા છે : દીપડાની દહેશતને પગલે નાના બાળકો ઘરમાં પુરાઈ રહેતા વેકેશની મજા પણ દીપડાઓએ છીનવી લીધી હોય તેવો માહોલ પ્રવર્તી રહ્યો છે : મોડાસાના ગોખરવા પંથક અને મેઘરજના બેડજ પંથકમાં દીપડાના આતંક ને નાથવામાં વન વિભાગ તંત્ર ઉણુ ઉતરતા લોકોમાં આક્રોશ**

મોડાસા, તા. ૮

અરવલ્લી જીલ્લાની ગિરિમાળાઓમાં વસવાટ કરતા દીપડા ઉનાળામાં ખોરાક અને પાણીની શોધમાં રહેણાંક વિસ્તારોમાં ધસી આવી પશુઓનું મારણ કરતા ગ્રામ્ય વિસ્તારો દીપડાની દહેશતમાં ફેરવાઈ ગયા છે હાલ લગ્નસરાની મૌસમ પૂર બહારમાં ખીલી છે છતાં અસરગ્રસ્ત વિસ્તારના લોકો લગ્ન પ્રસંગમાં પણ દીપડાના ભયથી દૂર રહે છે મોડાસા તાલુકાના વાઘોડિયા ગામમાં અને મેઘરજ તાલુકાના ગાય વાછરડા ગામમાં દીપડાઓ ત્રાટકી બે પશુનું મારણ કરતા પશુપાલકો ભયભીત બન્યા છે વનવિભાગ તંત્ર જાણે પાંજરા મૂકી સંતોષ માની રહ્યું હોય તેમ છેલ્લા ત્રણ મહિનાથી એક પણ દીપડો પાંજરે પુરવામાં સફળ રહ્યું નથી



મોડાસા તાલુકાના વાઘોડીયા ગામમાં ડુંગરીની તળેટી નજીક અનેક પરિવારો વસવાટ કરી રહ્યા છે છેલ્લા એક સપ્તાહથી દીપડાના પરિવારના આંટા ફેરાને પગલે લોકોમાં ડરનો માહોલ પ્રવર્તી રહ્યો છે ત્યારે રવિવારે રાત્રે ભીખુસિંહ ગુલાબસિંહના ઘર નજીક બાંધેલ પશુનું મારણ કરતા પરિવાર ફફડી ઉઠ્યો છે ગ્રામજનોના જણાવ્યા અનુસાર દીપડાઓ સમગ્ર પંથકમાં ફરતા રહેતા લોકો ખેતી પણ કરી શકતા નથી રાત્રીના સુમારે ખેતીનું રક્ષણ ન થતા ખેતીમાં ભૂંડ, રોજ સહીત પ્રાણીઓ ભેલાણ કરતા ખેડૂતોની હાલત દયનિય બની છે વનવિભાગ તંત્ર દીપડાને પાંજરે પુરે તેવી લોકમાંગ પ્રબળ બની છે

મેઘરજના બેડજ પંથકમાં દીપડાના આતંકથી પંથકમાં ભારે ભયનો માહોલ પ્રવર્તી રહ્યો છે છેલ્લા ૧૫ દિવસમાં ત્રણ પશુઓનું મારણ કર્યું છે બેડજ નજીક આવેલા ગાય વાછરડા ગામમાં દીપડો ત્રાટકી બકરીનું મારણ કરતા ગરીબ પરિવાર પર આભ તૂટી પડ્યું છે મેઘરજ વનવિભાગ તંત્રએ પાંજરું ગોઠવ્યું હોવા છતાં ચબરાક દીપડો વનવિભાગ તંત્રને હંફાવી રહ્યો છે બેડજ પંથકમાં ગામ લોકો ઘરની બહાર કામકાજ અર્થે નીકળતા પણ ડર અનુભવી રહ્યા છે હાલ તો અરવલ્લી જીલ્લાના પ્રજાજનો ભગવાન ભરોશે હોય તેવો અહેસાસ અનુભવી રહ્યા છે

## રિદ્ધિ સ્કુલ એન્ડ નર્સિંગ કોલેજ-હિંમતનગરમાં સેરેમની કાર્યક્રમ યોજાયો




બાયડ, તા.૦૮

સાબરકાંઠાની અગ્રેસર હિંમતનગરની રિદ્ધિ સ્કુલ એન્ડ કોલેજ ઓફ નર્સિંગના પ્રથમ વર્ષમાં એ.એન.એમ., જી.એન.એમ. એન્ડ બી.એસ.સી. નર્સિંગ વિદ્યાર્થીઓનો ઓથ ટ્રેકીંગ કાર્યક્રમ જિલ્લા પંચાયત પ્રમુખ જે.ડી.પટેલ, હિંમતનગરના ધારાસભ્ય વી.ડી.ઝાલા, ઈન્ડીયન નર્સિંગ કાઉન્સિલના મેમ્બર ડૉ.અનિલ નાયક, ગુજરાત નર્સિંગ કાઉન્સિલના રજીસ્ટ્રાર ડૉ.પ્રજ્ઞા ડાભી, હિંમતનગર નગરપાલિકા પ્રમુખ યતિનબેન મોદી, આવિસ્કાર હોસ્પિટલના ડાયરેક્ટર ડૉ.કે.કે.પટેલ, ડૉ.ઉમેશ પટેલ, જોઈતીબા કોલેજ ઓફ નર્સિંગના પ્રિન્સિપાલ ડૉ.ડાહ્યાલાલ પાટીદાર, ગવર્નમેન્ટ સ્કુલ ઓફ નર્સિંગના પ્રિન્સિપાલ વૃષિક શાહ,જી.એમ.ઈ.આર.એસ. હોસ્પિટલ-હિંમતનગરના એ.એન.એસ. જ્યોત્સનાબેન ચૌધરી વગેરે ઉપસ્થિત રહ્યા હતા અને તેમની ઉપસ્થિતિમાં છાત્રોને ઓથ લેવડાવવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં સંસ્થાના ટ્રસ્ટીઓ એમ.એન.ગામેતી, કનુભાઈ પંડ્યા, હિતેષભાઈ પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન નર્સિંગના પ્રિન્સિપાલ પૂંજા ભોજક તથા નર્સિંગ સ્ટાફ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં છાત્રોએ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યા હતા.

# ધનસુરા પ્રદેશ સિનિયર સિટીઝન ટ્રસ્ટનો સન્માન સમારંભ અને સાધારણ જનરલ સભા યોજાઈ



ધનસુરા, તા. ૮

ધનસુરા પ્રદેશ સિનિયર સિટીઝન ટ્રસ્ટ નો સન્માન સમારંભ યોજાયો હતો. ટ્રસ્ટ ના જે સભ્યો એ ૭૫ વર્ષ પૂર્ણ કર્યા હોય તેઓનો સન્માન સમારંભ ધનસુરા માર્કેટ યાર્ડ ના ઓક્શન હોલ માં યોજાઓ હતો.આ કાર્યક્રમ માં મોટી સંખ્યામાં સિનિયર સિટીઝન ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ વિનુભાઈ પટેલ ના પુત્રો ડૉ.રવિભાઈ.વી.પટેલ (માં હોસ્પિટલ બાયડ) અને ડૉ. ધ્રુવભાઈ.વી. ચૌધરી (નિરામય હોસ્પિટલ બાયડ) ના સાનિધ્ય હેઠળ યોજાયો હતો.તેમના સૌજન્ય થી ભોજન નું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ માં તેમના પિતા વિનુભાઈ પટેલ અને માતા અરૂણાબેન નું સન્માન કરવામાં આવ્યું હતું.કાર્યક્રમ ના અધ્યક્ષ જગદીશભાઈ પટેલ હતા, દીપ પ્રાગટ્ય હેમલત્તાબેન પટેલ, મુખ્ય મહેમાન ડૉ. રવિભાઈ. વી.પટેલ (માં હોસ્પિટલ બાયડ) અને ડૉ.ધ્રુવભાઈ. વી. ચૌધરી (નિરામય હોસ્પિટલ બાયડ) હતા. અતિથિ વિશેષ શ્રી મધુકર ખમાર, સચિનભાઈ પટેલ, પિયુષભાઈ દવે, મોતીભાઈ પટેલ, ધીરૂભાઈ પટેલ, ભોગીલાલ પટેલ હતા. તો સિનિયર સિટીઝન ટ્રસ્ટ ના પ્રમુખ ગોવિંદભાઈ પટેલ, ઉપપ્રમુખ બાબુભાઈ પટેલ અને ધીરૂભાઈ.એમ.પટેલ મંત્રી શ્રી ગોવિંદભાઈ શામળભાઈ પટેલ, નગીનભાઈ પટેલ સહ મંત્રી નરેન્દ્રભાઈ શાહ, ધીરૂભાઈ પટેલ આં. ઓડીટર ચીમનભાઈ પટેલ, ખજાનચી માધુભાઈ પટેલ, હસમુખભાઈ પટેલ સહિત સિનિયર સિટીઝન ટ્રસ્ટ ના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સુંદર આયોજન અરવલ્લી જિલ્લાના ટ્રસ્ટી ગોવિંદભાઈ પટેલ (મંત્રી નિ.કર્મ.મંડળ) ધ્વારા કરવામાં આવ્યું હતું.

**ભિલોડાના ધોલવાણી ગામમાં બારેશી પરગણા રોહિત સમાજ યુવા સંગઠન દ્વારા**

# તૃતીય સમૂહ લગ્નોત્સવમાં સત્તાર નવ દંપતીઓએ પ્રભુતામાં કુમકુમ પગલા પાડયા

ભિલોડા, તા.૮

ભિલોડા તાલુકાના ધોલવાણી ગામમાં અર્બુદા સમાજવાડીમાં બારેશી પરગણા રોહિત સમાજ યુવા સંગઠન ધ્વારા આયોજીત રોહિત સમાજનો તૃતીય સમૂહ લગ્નોત્સવ કાર્યક્રમ ઉત્સાહભેર યોજાયો હતો. બારેશી યુવા સંગઠન દ્વારા તૃતીય સમુહ લગ્નોત્સવ દરમિયાન ૧૭ નંવદંપતીઓએ શુભ મુહૂર્તમાં પ્રભુતામાં કુમકુમ પગલાં માંડ્યા હતા.સમારંભ અધ્યક્ષ રાજેન્દ્ર વી.અસારી (D.I.G.P. ગુજરાત રાજ્ય, ગાંધીનગર), સમારંભ ઉદ્ઘાટક ભિલોડા-મેઘરજ ધારાસભ્ય પી.સી.બરંડા, મુખ્ય મેહમાન વિશાલ આર. સક્સેના (અધિક કલેક્ટર અને અધિક નિયામક રોજગાર અને તાલીમ, ગાંધીનગર) આશીવર્ચન પ. પૂ. સંત શિરોમણી જામનાથ બાપુ (સંત રોહિદાસ માનવ કલ્યાણ આશ્રમ,થરાદ, જી. બનાસકાંઠા ) તેમજ અરવલ્લી - સાબરકાંઠા જીલ્લા, ભિલોડા તાલુકાના સામાજીક, રાજકીય, આગેવાનો, દાતાઓએ નવદંપતીઓને આશીર્વાદ પાઠવ્યા હતા. દાનવીર દાતાઓનું વિશેષ સન્માન કર્યું હતું. સમૂહ લગ્નોત્સવ ને સફળ બનાવવા બારેશી પરગણા રોહિત



સમાજ યુવા સંગઠન,બારેશી રોહિત સમાજના સર્વે હોદ્દેદારો,પ્રભુતામાં પગલાં પાડનાર નવદંપતીઓના માતા-પિતાએ જહેમત ઉઠાવી હતી.સમાજની એકતા, અખંડિતતા, સમાનતા,ભાઈ-ચારા, ઉંચ-નીચના ભેદભાવ મુક્ત અને સમયને સામુહિક રીતે સન્માન આપી એક જ માંડવે નવદંપતીઓને શુભ આશિષ અર્પણ કરવાનો સોનેરી અવસર એટલે સમુહ લગ્નોત્સવ કાર્યક્રમ ઉત્સાહભેર યોજાયો હતો.

**જન્મદિને વધામણી**



**મધુબેન પ્રવિણભાઇ સાધુ**
**ડીસા**
**મો. ૯૪૨૬૫૪૧૪૧૩**

# અમદાવાદની મધ્યસ્થ જેલમાંથી ફરાર થયેલો કેદી પાલનપુરથી ઝડપાયો

પાલનપુર તા.૮

પાલનપુર શહેર પશ્ચિમ પોલીસે અમદાવાદની મધ્યસ્થ જેલના ફરાર આરોપીને ઝડપી પાડ્યો છે. પોલીસે મળેલી બાતમી હકીકત આધારે અમદાવાદ મધ્યસ્થ જેલના પાકા કેદી રશીદ મહમદ નજીર મહમદ શેખને પાલનપુર એરોમા સર્કલ પાસેથી ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી.જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,બનાસકાંઠા પોલીસ વડા અક્ષયરાજ મકવાણાએ ગુનાના કામે નાસતા ફરતા આરોપીઓ પકડી પાડવા સુચના કરેલ હોય આર.બી.ગોહિલ પોલીસ ઈન્સપેક્ટર પાલનપુર શહેર પશ્ચિમ પોલીસ સ્ટેશનના માર્ગદર્શન હેઠળ અમદાવાદ મધ્યસ્થ જેલના પાકા કેદી રશીદ મહમદ નજીર મહમદ શેખ રહે.ખારાવાસ મહાજન ડેલાની સામે પાલનપુર વાળો વચગાળાના જામીન ઉપર ૧૬ / ૦૨ / ૨૦૨૩ ના રોજ છુટેલ હોય અને આજદિન સુધી હાજર થયેલ ના હોય જે અંગે ખાનગી બાતમી રાહે પાલનપુર એરોમા સર્કલથી પાલનપુર શહેર પશ્ચિમ પકડી પાડી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# પાલનપુરના ખોડીયાર નગરમાં ધોળે દહાડે બંધ મકાનમાં ચોરી

**તસ્કરો તિજોરીનું લોકર તોડી રૂ.૨.૨૦ લાખની રોકડ રકમ ઉઠાવી ગયા : ઉછીના લીધેલ રૂપિયાની ચોરી થતા ગરીબ પરિવારની હાલત કફોડી બની**

પાલનપુર તા.૮

પાલનપુરમાં તાળા વેચવાનો અને ચાવીઓ બનાવવાનો વ્યવસાય કરતા એક શ્રમિક પરિવારના બંધ મકાનમાં ધોળે દહાડે રૂ.૨.૨૦ લાખની ચોરી થતા ચકચાર મચી જવા પામી છે જોકે આ પરિવારે વતનમાં મકાન ના કામ માટે ઉછીના લાવેલ પૈસા ની ચોરી થયા પરિવાર ની હાલત કફોડી બની છે જોકે પોલીસે બનાવ અંગે ગુનો દાખલ કરી ચોરીની તપાસ હાથ ધરી છે .

પાલનપુરના દિલ્લી ગેટ વિસ્તારમાં લાલ દવાખાના પાસે તાળા અને ચાવી બનાવવાનો વ્યવસાય કરતા મૂળ ભરાડી દિલ્લી ના અને પાલનપુરમાં માનસરોવર રોડ પર આવેલ ખોડીયાર નગર સામે રહેતા શ્રવણસિંગ જતનસિગ લુહાર પોતાના વતનમાં મકાનના કામ માટે તેના એક મિત્ર પાસે થી ત્રણ લાખ રૂપિયા ઉછીના પેટે લીધા હતા જેમાં થી ૮૦ હજાર તેમના માતા પિતાને મકાન માટે આપી વતન મોકલ્યા હતા અને બાકીના રૂ.૨.૨૦ લાખ પિતાના ઘરના તિજોરીમાં લોકમાં મૂકી આ યુવક ગુરુવારે પિતાની દુકાને આવ્યો હતો અને સાંજે ઘરે જતા તિજોરી નું લોકર ખુલ્લું હોય અને તેમાં રાખેલ રૂ.૨.૨૦ લાખ ની ચોરી થઈ હોવાનું માલુમ પડતાં તેને પશ્ચિમ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે બનાવની તપાસ હાથ ધરી છે. જોકે દુકાને ગયેલ યુવકના બંધ મકાન માં તસ્કરો ધોળે દહાડે અંજામ આપતા મકાન માટે ઉછીના લાવેલ પૈસાની ચોરી થતા એક ગરીબ પરિવારની હાલત કફોડી બની જવા પામી છે

# બનાસકાંઠાના કોંગ્રેસ અગ્રણી ને ચેક રિટર્ન કેસમાં કોર્ટે છ માસ સાદી કેદની સજા ફટકારી

**ધંધામાં નુકશાન થતા મિત્ર પાસેથી લીધેલ પાંચ લાખ પૈકી દોઢ લાખનો ચેક બાઉન્સ થતા સજા કરાઈ : આરોપી વેપારી ત્રીસ દિવસમાં ચેકની રકમ નહીં આપે તો વધુ એક માસ કેદની સજાનો હુકમ કરાયો**

પાલનપુર તા.૮

પાલનપુર તાલુકાના કાણોદર ગામના એક વેપારીને ધંધામાં નુકશાન થતા તેને બે વર્ષ અગાઉ પાલનપુરના એક પરિચિત વ્યક્તિ પાસે થી પાંચ લાખ રૂપિયા ઉછીના લીધા હતા બાદમાં આ પૈસા પરત કરવા તેને દોઢ લાખનો ચેક આપ્યો હતો જે ચેક બેંક બેલેન્સના અભાવે પરત ફરતા મામલો કોર્ટમાં પહોંચતા પાલનપુરની કોર્ટે ચેક રિટર્ન કેસમાં વેપારીને છ માસ સાદી કેદની સજા ફટકારી છે. પાલનપુર તાલુકાના કાણોદર ખાતે રહેતા વેપારી અને બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસ અગ્રણી યાસિનભાઈ વજીર ભાઈ બંગલાવાળાના પાલનપુર ખાતે આવેલ વાહનોના શો રૂમ માં નુકશાન થતા તેમને બે વર્ષ અગાઉ પાલનપુરના બિહારી બાગમાં રહેતા તેમના પરિચિત સકીલખાન બિહારી પાસે થી ત્રણ માસની મુદતે પરત કરવાનો શરતે પાંચ લાખ રૂપિયા ઉછીના પેટે લીધા હતા જે પૈસા મુદત પૂરી થવા છતાં પરત ન કરતા સકીલખાન બિહારી એ ઉછીના આપેલ પૈસા પરત માંગતા વેપારી યાસીજભાઈ એ પાંચ લાખ માંથી રૂ. દોઢ લાખનો ચેક લખી આપ્યો હતો.

પરંતુ તેમના બેંક ખાતામાં નાણાં ન હોવાથી ચેક પરત ફરતા સકીલખાન બિહારીએ વેપારી યાસિનભાઈ બંગલાવાળા સામે નેગોશીયેલ એક્ટ મુજબ કોર્ટમાં કેસ દાખલ કરતા આ કેસ પાલનપુરના બીજા એડિશનલ જ્યુડીશીયલ મેજિસ્ટરેટ ફસ્ટ ક્લાસ અજય ત્રિલોકચંદ્ર તિવાડીની કોર્ટમાં ચાલી જતા ફરિયાદીના વકીલ જી.આર ત્રિવેદીની દલીલો ને ગ્રાહ્ય રાખી ન્યાયાધીશે આરોપી વેપારી યાસિનભાઈ ને છ માસ સાદી કેદની સજા અને ફરિયાદી ને આપેલ ચેકના નાણાં ત્રીસ દિવસમાં ભરી દેવા અન્યથા વધુ એક માસ કેદની સજાનો હુકમ કર્યો છે.